IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અને વિનોબા ભાવે સંદર્ભે માતૃભાષામાં શિક્ષણ

**RESEARCH SCHOLAR**

VIPUL N. PATEL

ASST. PROFESSIOR
SHRI M. K. MEHTA COLLEGE OF EDUCATION, UMARGAM
**GUIDE**

Dr. NAYNABEN CHAUHAN
SHIKSHAN BHARTI COLLEGE OF EDUCATION, VESU
BHAGWAN MAHAVIR UNIVERCITY, SURAT

દર વર્ષે ૨૧ ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિન તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવાય છે. સમગ્ર વિશ્વના કેળવણીકારો, ચિંતકો અને શિક્ષકો એક વાત સાથે સહમત છે કે, પ્રત્યેક બાળકને તેનું પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ મળવું જોઈએ. તાજેતરમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ને ભારત સરકારની કેબિનેટે મંજૂર કરી દીધી છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ દેશના શિક્ષણ જગતમાં મૂળભૂત સુધારો કરનારી નીતિ છે. આપણા દેશમાં જોવા મળતી શિક્ષણ સંલગ્ન જુદી જુદી બાબતો જેવીકે શિક્ષણની ગુણવત્તા, ભારતીય સંસ્કૃતિ મૂલ્યો અને કૌશલ્યો, બેરોજગારી, અસમાનતાઓ, અસુવિધાઓ જેવી મોટાભાગની સમસ્યાઓની જરૂરિયાતો તરફ ભારત સરકારનું ધ્યાન ગયેલ છે. અને તેના ઉકેલ સ્વરૂપ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ની રચના થઈ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ માં અનેક બાબતોનો સમાવેશ થયો છે. તે પૈકી મહત્વના એક નિર્ણયમાં ધોરણ-૦૧ થી ધોરણ-૦૫ સુધીનું શિક્ષણ માતૃભાષા, પ્રાદેશિક ભાષા કે ક્ષેત્રીય ભાષાના માધ્યમથી જ આપવા પર ભાર મૂકેલ છે. એટલું જ નહીં ધોરણ-૮ સુધી કે તેનાથી આગળ પણ શક્ય બને તો ભારતીય ભાષાઓમાં શિક્ષણ આપી શકાય.

આજે શિક્ષણના માધ્યમ તરીકે મોટાભાગના પરિવારો માતૃભાષાને સ્થાને અંગ્રેજી માધ્યમને પસંદગી આપી રહ્યા છે. જેનું મુખ્ય કારણ અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ એ આજના સમયની અનિવાર્યતા છે. તેનાથી ઉચ્ચ અભ્યાસની,કારકિર્દીની અને રોજગારીની ઉજળી તકો છે. બાળકનું ઝડપી અને સારું ઘડતર થાય છે. બાળકનો વ્યક્તિત્વ વિકાસ ઝડપી થાય છે. અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરવાથી સગા-સંબંધી અને સમાજમાં એક મોભો નિર્માણ થાય છે. આવું આજના સમયમાં લોકોનું માનવું છે. પરંતુ આ માન્યતા ભૂલભરેલી છે.

માતૃભાષામાં અભ્યાસ કરાવવાને બદલે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરવાની જીદને લીધે કેટલાક પરિવારોની આર્થિક ક્ષમતા ન હોવા છતાં, તેનો મોટો ભાર સહન કરે છે. એથી પણ વિશેષ બાળક લઘુતાગ્રંથિથી અને માતા-પિતા ગુરુતાગ્રંથિથી પીડાય છે. જે ભાષા બાળકના પોતાના ઘરમાં બોલાતી હોય. સાંભળીને મોટા થતા હોય તે ભાષા બાળકના શિક્ષણનું માધ્યમ બને તો તે ઝડપી સંગ્રહ કરી શકે. પરંતુ પોતાની માતૃભાષા સિવાયની ભાષાના માધ્યમમાં અભ્યાસ કરવાથી બાળક પહેલા બીજી ભાષા સાંભળે છે, તેનો પોતાની ભાષામાં રૂપાંતર કરે છે. પછી સમજે છે. પરિણામે તેના મનમાં મૂંઝવણ ઊભી થવાથી બાળકમાં માનસિક તણાવ ઉદભવે છે. અંગ્રેજી શિક્ષણતે આજના સમયની જરૂરિયાત ચોક્કસ છે. પરંતુ શિક્ષણનું માધ્યમ અંગ્રેજી હોય તે જરૂરી નથી.

- **ભાષા વિકાસ**

ભાષા વિકાસની શરૂઆત માતાના ગર્ભમાંથીજ થાય છે અને તે ભાષા હોય છે 'માતૃભાષા' માતાના ગર્ભમાંથીજ બાળકના માનસિક વિકાસની શરૂઆત થઈ જાય છે. જેથી બાળકને માતૃભાષા ગ્રહણ કરવામાં કોઈજ મુશ્કેલી પડતી નથી. પ્રારંભિક શિક્ષણ માતૃભાષામાં આપવું એ એક વાહક છે. માતૃભાષાનો અન્ય કોઈ વિકલ્પ નથી. માતૃભાષામાં અપાતું શિક્ષણ સમજવામાં ખૂબ સરળ રહે છે. અભિવ્યક્તિ માટેનું શ્રેષ્ઠ માધ્યમ માતૃભાષા છે. બાળકની વૈચારિક પ્રક્રિયા માતૃભાષાના શિક્ષણથીજ ખીલે છે. આપણને સૌથી ઉત્તમ વિચાર આપણી માતૃભાષામાંજ આવે છે. માતૃભાષામાં અભ્યાસ કરવાથી સમજશક્તિ, કલ્પનાશક્તિ, સર્જન શક્તિ બાળકની અંદર ખીલે છે. જેથી તેનામાં અન્ય વિષયો અને સહેલાઇથી સમજી શકવાની ક્ષમતાનો વિકાસ થાય છે. એક વાર બાળક પોતાની માતૃભાષાને સારી રીતે વ્યાકરણ સહિત શીખી જાય તો તે સહેલાઇથી અન્ય ભાષાઓને પણ શીખી શકે છે.

મહાવીર સ્વામી સહિત વિવિધ ધર્મના સંતો પોતાની લોકભાષામાં ધર્મ સંદેશ આપતા હતા. એટલુંજ નહીં તુલસીદાસે 'રામચરિત માનસ' પોતાની પ્રાદેશિક ભાષામાંજ લખ્યું હતું. સંત જ્ઞાનેશ્વરે 'જ્ઞાનેશ્વરી' પુસ્તક પોતાની માતૃભાષા મરાઠીમાં લખ્યું છે. મહાત્મા ગાંધીએ પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો' પણ પોતાની માતૃભાષા ગુજરાતીમાંજ લખી છે. ભારતના મહાન લેખકોએ, તત્વચિંતકોએ, શિક્ષણ વિદ્વાનોએ પણ માતૃભાષાને મહત્વ આપ્યું છે.

ઇસરોના ચીફ ડો. કસ્તુરીરંગના પ્રમુખપદે તૈયાર થયેલી નવી શૈક્ષણિક નીતિ - ૨૦૨૦માં માતૃભાષાને યોગ્ય પ્રમાણમાં સ્થાન આપવામાં આવેલ છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦માં માતૃભાષા સંદર્ભે ભૂદાન યજ્ઞના પ્રણેતા અને ગીતા પ્રવચનના ઉદ્ગાતા છે એવા શ્રી વિનોબા ભાવેના વિચારધારાનો પડઘો દેખાઈ રહ્યો છે.

મહાભારતમાં શ્રીકૃષ્ણએ એક 'વર' માંગ્યો છે. 'માતૃહસ્તેન ભોજન' ભોજનતો માના હાથનુંજ હોવું જોઈએ. માના ભોજનમાં માત્ર રોટલોજ નથી હોતો, પણ પ્રેમ પણ હોય છે. એવી જ રીતે વિનોબા ભાવેનું માનવું છે કે 'માત્રમુખેન શિક્ષણ' એટલે કે માતાના મુખેથી શિક્ષણ મળે અને એજ વાત માતૃભાષાને લાગુ પડે છે. બાળકને પોતાની માતૃભાષામાંજ શિક્ષણ મળવું જોઈએ. શિક્ષણનું માધ્યમતો માતૃભાષાજ હોય. માતૃભાષા દ્વારા પહેલેથી છેવટ સુધીનું બધું શિક્ષણ આપવું જોઈએ. શિક્ષણ માટે અંગ્રેજી માધ્યમની વાત કરવીએ સો ટકા મૂર્ખામી છે. આ માટે વિનોબા ભાવે એક સરસ દ્રષ્ટાંત આપે છે. ગધેડાના બચ્ચાને પૂછવામાં આવે કે તને ગધેડાની ભાષામાં જ્ઞાન આપવું જોઈએ કે સિંહની ભાષામાં, તો એ શું કહેશે? એ કહેશે કે સિંહની ભાષા ગમે તેટલી સારી હોય, મનેતો માતૃભાષા સમજાશે સિહની નહીં. એતો દીવા જેવું સ્પષ્ટ છે કે મનુષ્યનું હૃદય ગ્રહણ કરી શકે એવી ભાષા માતૃભાષાજ છે અને તેના દ્વારાજ શિક્ષણ અપાય. આમાં શંકાને કોઈ સ્થાન નથી. નાના બાળકોને શિક્ષણ એમની પોતાની માતૃભાષામાં આપવાને બદલે પારકી ભાષામાં આપશો તો એ બાળકોને નીરવીર્ય બનાવશે, એમની ગ્રહણશક્તિ બુઠ્ઠી થઈ જશે.

- **ભાષાની લુપ્તતા**

દુર્ભાગ્યે, ભારતીય ભાષાઓ પ્રત્યે યોગ્ય ધ્યાન અને કાળજી રાખવામાં આવ્યા નથી, જેના કારણે છેલ્લા 40 વર્ષમાં દેશ 220 ભાષાઓ ગુમાવી બેઠો છે. યુનેસ્કોએ 197 ભારતીય ભાષાઓને લુપ્ત પ્રાય જાહેર કરી છે. જુદી જુદી ભાષાઓ વિલુપ્ત થવાને આરે છે, ખાસ કરીને તે ભાષાઓ એવી છે કે જેની લિપિ નથી. જ્યારે આ ભાષા બોલવાવાળા કોઈ સમુદાય અથવા જનજાતિના વરિષ્ઠ સભ્યનું મૃત્યુ થાય છે તો પણ તેમની સાથે ભાષા સમાપ્ત થાય છે, અને ઘણીવાર આ સમૃદ્ધ ભાષાઓ/સંસ્કૃતિઓની અભિવ્યક્તિને સાચવવા અથવા દસ્તાવેજીકરણ કરવા માટે કોઈ પ્રક્રિયા અથવા ઉપાય કરવામાં આવતો નથી.

- **વિનોબા ભાવેના સંદર્ભેમાં**

વિનોબા ભાવે કહે છે કે આપણી બધી ભાષાઓ સેંકડો વરસથી ખેડાણ થતી આવી છે. અને સેંકડો વર્ષનો ઉત્તમ સાહિત્ય આપણી ભાષામાં છે. વિનોબા ભાવે નું કહેવું છે કે આપણી બધી ભાષાઓ ઘણી વિકસિત ભાષાઓ છે. અને આજનો બધો વ્યવહાર આ ભાષાઓમાં ચાલી શકે એટલી સમર્થ છે. એટલે શિક્ષણનું માધ્યમ આ બધી ભાષાઓ જરૂર બની શકે તેમ છે.

આપણી ભાષાઓમાં આજનો બધો વ્યવહાર થઈ ન શકે એ વાત સાવ ખોટી છે પરંતુ બધોજ વ્યવહાર આપણી ભાષાઓમાંજ થવો જોઈએ. વિજ્ઞાન પણ આપણી ભાષાઓ મારફત જ સામાન્ય લોકો સુધી પહોંચવું જોઇએ એ વાત નિશ્ચિત સમજી લેજો કે વિજ્ઞાન જ્યાં સુધી માતૃભાષામાં લોકો સમક્ષ નહીં મુકાય ત્યાં સુધી તે વ્યાપકપણે ફેલાઇ શકશે નહીં.

વિનોબા ભાવેનું માનવું છે કે પહેલા સાત વરસનો જે અનિવાર્ય શિક્ષણનો ગાળો સમસ્ત પ્રજા માટે માનવામાં આવ્યો છે તેમાં અંગ્રેજીને સ્થાન આપવું એ શિક્ષણની દ્રષ્ટિએ તથા લોકમાનસના વિકાસની દ્રષ્ટિએ મોટી ભૂલ ગણાશે. માતૃભાષા તથા બીજા વિષયોના અધ્યયનને હાનિ પહોંચશે. જેને એક વાર માતૃભાષાનું ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થાય છે તે પાછળથી અન્ય ભાષા થોડા વખતમાં સારી રીતના શીખી શકે છે.

**સમાપન**

નવી શૈક્ષણિક નીતિ - ૨૦૨૦ અને વિનોબા ભાવેના પુસ્તકોનો અભ્યાસ કર્યા પછી એવું કહી શકાય કે નવી શૈક્ષણિક નીતિમાં વિનોબા ભાવેના વિચારોને યોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે. માત્ર વિનોબા ભાવે જ નહીં પરંતુ શિક્ષણ ક્ષેત્રના અન્ય તત્વચિંતકોનું પણ માનવું છે કે બાળકનું ઓછામાં ઓછામાં ઓછું પ્રાથમિક શિક્ષણતો માતૃભાષામાં જ થવું જોઇએ. નવી શૈક્ષણિક પોલીસીમાં ધોરણ ૧ થી ધોરણ ૫ માં માતૃભાષા કે પ્રાદેશિક ભાષામાંજ ફરજિયાત શિક્ષણની હિમાયત કરવામાં આવી છે એ પગલું ખૂબ જ આવશ્યક અને આવકારદાયક છે.

કોઇ એક વ્યક્તિએ સુંદર કહ્યું છે સંસ્કૃત ભાષા એ દરેક ભાષાઓની 'માં' છે અને ભારતની જે જુદી જુદી દરેક પ્રાદેશિક ભાષાઓ છે એ સંસ્કૃતની દીકરી છે. આપણે આપણાં દેશમાં 'માં' અને 'દીકરી'ને યોગ્ય સ્થાન આપશું તો આપણા દેશનો વિકાસ ઝડપથી થઇ શકશે.

**સંદર્ભ સૂચિ**

ભાવે,વી. (૨૦૧૨). *શિક્ષણ વિચાર.* વડોદરા : યજ્ઞ પ્રકાશન.
રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર.